# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-06 -2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## DNA -નમુના:

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધી કુલ 47 મૃતકોનાં DNA નમૂના મેચ થયા છે અને અત્યાર સુધી ૨૫ મૃતદેહ પરિવારજનોને સોંપાયા છે.

સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રજનીશ પટેલે જણાવ્યું કે અમદાવાદના આઠ, વડોદરાના પાંચ, મહેસાણાના ચાર, આણંદના બે જયારે ખેડા, અરવલ્લી, બોટાદ, ઉદયપુર અને જોધપુરના એક-એક મૃતદેહનો સમાવેશ થાય છે. જે મૃતકોના DNA નમૂના મેચ થયા છે તેમના પાર્થિવદેહને પરિવારજનોને સોંપવામાં આવી રહ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના DNA પણ મેચ થયા છે. અને સદગત રૂપાણીનો મૃતદેહ હેલિકોપ્ટર મારફતે રાજકોટ લઈ જવામાં આવી રહ્યું છે.

---

## લોક રક્ષક દળ પરીક્ષા:

પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ કેડરની 12 હજાર જગ્યા માટે આજે રાજ્યના 7 જિલ્લા-અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં લેખિત પરીક્ષા યોજાઇ. કુલ 2 લાખ 48 હજાર જેટલા ઉમેદવારોએ અરજી કરી છે. રાજ્યમાં કુલ 825 શાળાકેન્દ્રો ખાતે યોજાયેલી આ પરીક્ષા માટે વહેલી સવારથી જ ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા હતા. જ્યા બાયોમેટ્રિક અને સ્કેનિંગ કરી પ્રવેશ અપાયો હતો. પરીક્ષા સ્થળે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

---

## વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન -:

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ ICAR તેમજ કેન્દ્રીય શુષ્ક વિસ્તાર સંશોધન સંસ્થાન કાઝરી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર(KVK) કુકમા દ્વારા કચ્છના પાંચ વિસ્તાર ને સાંકળતા વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન તાજેતરમાં સમાપન થયું.કચ્છના પાંચ વિસ્તાર અંજાર,રાપર,નખત્રાણા અને ભચાઉ અને ભુજમાં બે સપ્તાહ મુદત ચાલેલ આ અભિયાન દરમ્યાન 90 થી વધુ ગામના 10 હજારથી વધુ ખેડુતો આ અભિયાનમાં જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## નખત્રાણા-નેત્ર નિદાન કેમ્પ:

માંડવી તાલુકાના ભોજાય ટ્રસ્ટ દ્વારા આજે નખત્રાણા ખાતે સવારે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં આંખને લગતા મોતિયો, ઝામર,વેલ,આંખ લાલ થવી જેવા રોગની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં કુલ 113 દર્દીઓનું આંખનું નિદાન કરવામાં આવ્યુ હતું. દર્દીને દવા તેમજ આંખના ટીપા નિઃશુલ્ક અપાયા હતા. તપાસ દરમ્યાન 39 દર્દીઓને મોતિયા તેમજ વેલના ઓપરેશનની જરૂર જણાતા આંખના નિષ્ણાંત ડોક્ટર દ્વારા આવા દર્દીઓને સંસ્થા દ્વારા નિઃશુલ્ક ઓપરેશ કરી આપવામાં આવશે તેવુ સંસ્થાની એક યાદીમાં જણાવાયુ છે.

---------------------------------------------------------------------------------------------------

## “ગો સેવા સંગમ”- લેર ગામ:

દેશી પ્રજાતિની ગાય પોતાની ગુમાવેલી ઓળખ ફરી પ્રાપ્ત કરે અને તેની મહત્વતા સમાજમાં ફરી પ્રસ્થાપિત થાય તે માટે ભુજ તાલુકાના લેર ગામ ખાતે તારીખ 16 જુનથી 18 જુન સુધી ત્રિદીવસીય “ગો સેવા સંગમ” નું અનોખુ આયોજન થયું છે. સાથે સાથે ઉપેક્ષિત એવા નંદીઓના આશ્રય માટે અહી નારાયણ નંદી શાળાનું ઉદ્ઘાટન પણ કરાશે.

આ “ગો સેવા સંગમ” દરમ્યાન પ્રતિ દિન 4 થી 5 હજાર લોકો ઉપસ્થિત રહે તેવો અંદાઝ છે, આ કાર્યક્રમમાં ગો કથાનું રસપાન, ગો સેવા વિષય પર વક્તવ્ય, ગાયની ખેતીમાં

મહત્વ વિશે વ્યાખ્યાન યોજાશે. સત્ર દરમ્યાન ગાય અને પ્રાકૃતિક ખેતીમાં વિશેષ પ્રદાન કરનારા એવા તમામ લોકોને સન્માનિત કરાશે.

---

## “અર્લી ઈન્ટરવેનશન કેમ્પ “-માનસી સંસ્થા:

માંડવી તાલુકાની બિદડા ગામની માનસી સંસ્થા દ્વારા છ મહિનાથી 10 વર્ષની વયના એકથી વધારે માનસિક સાથે શારિરિક અપંગતા ધરાવતા બાળકો માટે પ્રતિવર્ષ દર બીજા મહિને “અર્લી ઈન્ટરવેનશન કેમ્પ “નું આયોજન કરવામાં આવ્યુ છે.

આ કાર્યક્રમનું આગામી તારીખ 21મી જુનના શનિવારના સંસ્થાના પ્રાંગણમાં બિદડા ગામ ખાતે યોજાશે. તેમજ સંસ્થાની એક યાદીમાં જણાવાયુ છે.

---

## હવામાન-વરસાદ:

પલટાયેલા હવામાન વચ્ચે આજે અને આવતીકાલે કચ્છમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. જયારે તા-17,18 અને 19 જુન દરમ્યાન કચ્છમાં વરસાદનું યલો એલર્ટ હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયુ છે.

પુર્વ કચ્છના રાપર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર નંદાસર, સેલારી, જેસડા, ખેંગારપર વિસ્તારમાં ભારે પવન સાથે મોડી રાત્રે વરસાદનું આગમ થયુ હતું.

રાપર પંથકમાં ગઈરાત્રે દોઢ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ થયો હતો અને શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

જીલ્લા કંન્ટ્રોલરૂમ પાસેથી મળતી માહિતી મુજબ ભચાઉમાં આજે 7 મિલીમીટર વરસાદ નોંધાયો છે.

---